ક્રમાંકઃ સીટીએસ/ ચ-૧/ બેંકેબલ/ ૨૦૧૫/ ૯૮૦
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
બ્લૉક નં.૧, ત્રીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તાઃ૧૮/૧૧/૨૦૧૫

વંચાણઃ- શ્રમ અને રોજગાર વિભાગનો તાઃ ૨૬/૦૫/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ તલમ/ ૧૨૨૦૧૫/ ૧૨૨૮૫૩/ આર(૨)

**પરિપત્રઃ-**

શ્રમ અને રોજગાર વિભાગના વંચાણે લીધેલ ઠરાવથી આઇ.ટી.આઇ. પાસ તાલીમાર્થીઓ માટેની બેંકેબલ લોન સબસિડી યોજના અમલમાં આવેલ છે. જે અંતર્ગત વર્ષઃ ૨૦૧૫-૧૬ માટે ૭૦૦૦ નો વાર્ષિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે. યોજના અંતર્ગત માહેઃ ઓક્ટોબર-૨૦૧૫ અંતિત ફાળવવામાં આવેલ લક્ષ્યાંક સામે ખૂબ જ નબળી કામગીરી થયેલ હોવાથી યોજનાના અસરકારક અમલીકરણ તથા ફાળવેલ લક્ષ્યાંકની સિદ્ધિ માટે તાઃ૦૬/૧૧/૨૦૧૫ ના રોજ નિયામકશ્રીના અધ્યક્ષસ્થાને તમામ જિલ્લાના કલેક્ટરશ્રીઓ, નોડલ સરકારી આઇ.ટી.આઇ.ના વડાઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજરશ્રીઓ, લીડ બેંકના મેનેજરશ્રીઓ તથા સંબંધિત બેંકના મેનેજરશ્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ યોજવામાં આવેલ. જેમાં થયેલ વિસ્તૃત ચર્ચા બાદ આ યોજનાના અસરકારક અમલીકરણ માટે તથા નિર્ધારિત લક્ષ્યાંકો પૂર્ણ થાય તે માટે નીચે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(૧) આ યોજના અંતર્ગત વિવિધ બેંકો ખાતે કુલ-૪૫૦૦ થી પણ વધારે લોન અરજીઓ પેન્ડીંગ છે. જેની સમીક્ષા કરતાં મોટાભાગના કિસ્સાઓમાં સર્વિસ એરિયા અલગ પડતો હોવાના કારણે બેંકો દ્વારા લોન અરજીઓ રદ કરવામાં આવે છે. તેવી રજૂઆત મળતાં સ્પષ્ટતા/માર્ગદર્શન કરવામાં આવે છે કે, ઔ.તા.સંસ્થાઓમાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ આપવામાં આવે છે. તેમજ સ્વનિર્ભર આઇ.ટી.આઇ. અને અન્ય ટૂંકાગાળાના રાષ્ટ્રીય તેમજ રાજ્યકક્ષાના અભ્યાસક્રમો અને એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાના વ્યવસાયોમાં સ્થાનિક ઉમેદવારો પ્રવેશ મેળવે છે. બેંકેબલ યોજના અંતર્ગત લોન સહાય યોજના હેઠળ રાજ્યની તમામ સંસ્થાઓના વડાઓને લક્ષ્યાંક આપવામાં આવેલ છે અને તેનું સંકલન જિલ્લાકક્ષાની નોડલ સરકારી આઇ.ટી.આઇ. મારફત કરવામાં આવે છે. આથી આઇ.ટી.આઇ.ના કોઇ તાલીમાર્થી જો સ્થાનિક હોય અને લોન માટે અરજી કરે તો સંબંધિત આઇ.ટી.આઇ..ના આચાર્યશ્રીએ તેના રહેઠાણ અથવા જ્યાં તે વ્યવસાય કરવા માગતો હોય તે વિસ્તારના સર્વિસ એરિયામાં આવતી બેકમાં જ તેની લોન માટેની અરજી મોકલવાની રહેશે અને આ બાબતની જાણ અરજદાર તાલીમાર્થીને કરવાની રહેશે.

હવે જો ઉમેદવાર જે આઇ.ટી.આઇ.માંથી પાસ થયો હોય પરંતુ તેનું રહેઠાણ/ ધંધાનું સ્થળ અન્ય જિલ્લા/ તાલુકામાં હોય તો તેવા કિસ્સામાં ઉમેદવાર જે આઇ.ટી.આઇ.માંથી તાલીમ લીધી છે તે આઇ.ટી.આઇ.ના વડાએ ઉમેદવારના રહેઠાણ/ધંધાનું સ્થળની આઇ.ટી.આઇ.ના વડા મારફત તેને લાગુ પડતા સર્વિસ એરિયાની બેંકમાં લોન અરજી અંગત કાળજી રાખી મોકલી આપવાની રહેશે. અને આ બાબતની જાણ અરજદાર તાલીમાર્થીને કરવાની રહેશે. સર્વિસ એરિયાની યાદી તમામ જિલ્લાની લીડ બેંકના મેનેજરશ્રી પાસે ઉપલબ્ધ થશે. આથી તમામ સરકારી ઔ.તા.સંસ્થાઓના નોડલ અધિકારીઓએ આ યાદી મેળવી લેવાની રહેશે અને આ યાદી સમયાંતરે અપ-ડેટ થતાં તે કાળજી લઇને મેળવી લેવાની રહેશે.

(૨) ભારત સરકારશ્રીના તા:૨૧/૧૦/૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ MSME-07/44/2015-CD મુજબ પ્રધાનમંત્રી મુદ્રા બેંક યોજના (PMMY) અંતર્ગત મુદ્રા બેંક વિશે વિસ્તૃત સમજ આપેલ છે. તેમજ અત્રેની કચેરી દ્વારા તા:૦૭/૧૧/૨૦૧૫ ના રોજ તમામ સરકારી આઇ.ટી.આઇ., પ્રાદેશિક કચેરીઓ, લીડ બેંક મેનેજરશ્રીઓ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોના મેનેજરશ્રીઓને તેની વિગતો ઇ-મેઇલ દ્વારા પણ મોકલેલ છે. વધુમાં વિડયોકોન્ફરન્સ દરમિયાન SLBC ના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી આર.એ.ગુપ્તા દ્વારા જણાવ્યા મુજબ બેંકેબલ અરજીઓને મુદ્રા બેંક સાથે જોડવા તેમના તરફથી સૂચનાઓ આપેલ છે. આથી આ ખાતાની બેંકેબલ યોજના યોજના અંતર્ગત મુદ્રા બેંક યોજના સાથે જોડવા આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

મુદ્રા બેંક વિશે સંપૂર્ણ જાણકારી દરેક બેંક મેનેજરશ્રી પાસે છે. આથી તમામ લીડ બેંક મેનેજરશ્રી તેમજ સંબંધિત મેનેજરશ્રીનો સંપર્ક સાધી આ કાર્યવાહી પૂર્ણ કરવી.

(૩) અત્રેની કચેરીના તા:૦૩/૧૦/૨૦૧૫ ના અ.સ.પત્ર ક્રમાંકઃ સીટીએસ/ ચ-૧/ બેંકેબલ/ ૨૦૧૫/ ૯૩૯૦ થી ૯૪૧૬ થી રાજ્યના તમામ કલેક્ટરશ્રીઓને આ ખાતાની બેંકેબલ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા નિયત ભૌતિક તેમજ નાણાકીય લક્ષ્યાંકોસિદ્ધ થાય તે માટે જિલ્લાકક્ષાએ યોગ્ય મોનીટરટરીંગ થાય તે માટે DLBC માં તેમજ તાલુકાકક્ષાએ BLBC માં આ બાબતની સમીક્ષા થાય અને પડતર અરજીઓનો નિકાલ થાય તે માટે લીડ બેંકના મેનેજરશ્રી સાથે મીટીંગનું આયોજન કરી જરૂરી સૂચનો/માર્ગદર્શન આપવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લઇ તમામ સંસ્થાઓના વડાઓએ જિલ્લાકક્ષાએ DLBC માં તેમજ તાલુકાકક્ષાએ BLBC સાથે મીટીંગ કરવા સંબંધિત પ્રાંત અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહેશે અને આ મીટીંગમાં સમયાંતરે ફરજિયાત હાજર રહી તેની સમીક્ષા કરાવવાની રહેશે.

(૪) સમીક્ષા દરમિયાન ધ્યાને આવેલ છે કે, આ યોજના અંતર્ગત સંસ્થાઓના કર્મચારીઓ/ તાલીમાર્થીઓને પણ બેંકેબલ યોજના વિશે વિસ્તૃત જાણકારી નથી. તેમજ તાલીમાર્થીઓને કયા પ્રકારના વ્યવસાય શરૂ કરી શકાય અને લોન કઇ રીતે મળી શકે, તે વિશેની સમજ નથી. આના માટે કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગ પાસેથી જરૂરી માર્ગદર્શન મેળવવા માટે શિબિરનું આયોજન કરવું

(૫) શ્રમ અને રોજગાર વિભાગના તા: ૧૧/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/ ૧૨૨૦૧૪/ ૨૨૯૯૦૧/ આર(૨) થી જિલ્લા કક્ષાએ રોજગાર/સ્વ-રોજગાર શિબિર માટે જિલ્લાદીઠ રૂ.૨,૦૦,૦૦૦/- ખર્ચ કરવાની વહીવટી મંજૂરી મળેલ છે. ઠરાવની નકલ સામેલ છે. જે ધ્યાને લઇ સંબંધિત સંસ્થાઓના વડાઓએ તેમના તાબા હેઠળની તમામ સંસ્થાઓના કર્મચારીઓ/ તાલીમાર્થીઓ/ રોજગાર અધિકારીઓ સાથે તાલીમ શિબિર યોજવા માટે જણાવવામાં આવે છે.

(૬) મીટીંગમાં ચર્ચાનુસાર કુટિર ઉદ્યોગના કિશનરશ્રી દ્વારા કાર્યરત યોજનાઓમાં તેઓ જે રીતે બેંકને ફોલો-અપ કરે છે તે જ રીતે શ્રમ અને રોજગાર વિભાગની આ યોજનાનું ફોલો-અપ કરવાનું રહે છે અને સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના વડા આ ખાતાની યોજનાનું અમલીકરણ સમિતિના અધ્યક્ષ હોઇ અસરકારક અમલીકરણ થાય તે જોવાનું રહેશે.

(૭) હાલમાં કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગ દ્વારા વિવિધ વ્યવસાયો માટે જે પ્રોજેક્ટ રિપોર્ટ બનાવેલ છે, તેનો ઉપયોગ કરવો. તેમજ આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓ જે લોન મેળવવા ઇચ્છુક છેકે જેઓ આ પ્રોજેક્ટ સિવાયનો વ્યવસાય/ ધંધો કરવા માંગે તો નોડલ સંસ્થાના વડાએ તેમના જિલ્લાની નિષ્ણાત અધિકારી/ કર્મચારીઓની કમીટી બનાવી તેનો પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવાનો રહેશે.

(૮) અત્રેની કચેરીના તા:.03/૧૧/૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ સીટીએસ/ ચ-MoU/ ૨૦૧૫/ ૯૫૫૬ થી OLA CAB સાથે કરેલ MoUતથા તે સંબંધે ક્ષેત્રિય કચેરી સાથે કરવાની કામગીરીની વિગતો પરિપત્રથી મોકલી આપેલ છે. તે અન્વયે તમામ ઔ.તા.સંસ્થાઓના વડાઓએ તેમજ રોજગાર અધિકારીશ્રીઓએ કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

(૯) તમામ આઇ.ટી.આઇ, કેવીકે અને એમઇએસના તાલીમાર્થીઓને ઉદ્યોગ સાહસિક તરીકે તાલીમ માર્ગદર્શન અને પ્રોત્સાહન, તાલીમ દરમ્યાન પ્રથમ દિવસથી જ મળે તે માટે ઈન્ટ્રકટરોનું પ્રશિક્ષણ નોડલ આઇ.ટી.આઇ. ના આચાર્ય દ્વારા જીલ્લાની સબંધિત એજન્સીઓ પાસેથી તાત્કાલીક કરાવવામાં આવે.

(૧૦) સંબંધિત જિલ્લાની લીડ બેંક મારફત Rural Development Self Employment Training Institute (RUDSETI) દ્વારા ઉમેદવારોને પસંદગીના વ્યવસાય માટે ટ્રેનીંગ આપવા માટેની જરૂરી વ્યવસ્થા કરાવવી.

(૧૧) શ્રમ અને રોજગાર વિભાગના તાઃ ૨૬/૦૫/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ તલમ/ ૧૨૨૦૧૫/ ૧૨૨૮૫૩/ આર(૨) થી રૂ.૧,૦૦,૦૦૦/- થી રૂ.૮,૦૦,૦૦૦/- સુધીની લોન લેનાર ઉમેદવારને રૂ.૪૦,૦૦૦/- થી રૂ.૬૦,૦૦૦/- ની મહત્તમ મર્યાદામાં સબસિડી આપવા ઠરાવેલ છે. જે અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

| ક્રમ | લોનની રકમ (રૂ.) | સબસિડીની રકમ (રૂ.) |
|---|---|---|
| ૧. | રૂ. ૧,૦૦,૦૦૦/- સુધી | લોનની રકમના ૪૦% લેખે |
| ૨ | રૂા. ૧,૦૦,૦૦૦/- થી રૂા. 3,00,000/- લાખ કરતા ઓછી | રૂ. ૪૦,૦૦૦/- |
| 3 | રૂા. 3,00,000/- થી રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી | રૂ. ૫૦,૦૦૦/- |
| ૪ | રૂા. ૫,૦૦,૦૦૦/- કરતા વધુ અને રૂા. ૮,૦૦,૦૦૦/- સુધી | રૂ. ૬૦,૦૦૦/- |

(૧૨) વર્ષઃ ૨૦૧૪-૧૫ દરમિયાન આઇ.ટી.આઇ. પાસ તાલીમાર્થીઓ માટેની બેંકેબલ લોન વ્યાજ સહાય અંતર્ગત આઇ.ટી.આઇ. દ્વારા તાલીમાર્થીઓ પાસેથી લોન અરજીઓ મેળવી વિવિધ બેંકોને મંજૂરી અર્થે મોકલવામાં આવેલ હતી. તે પૈકી બેંકો ખાતે પેન્ડીંગ અરજીઓને બેંકેબલ મુદ્દલ સબસિડી યોજના અંતર્ગત આવરી લેવાની રહેશે. પરંતુ અગાઉ બેંકેબલ લોન વ્યાજ સહાય યોજના અંતર્ગત જે અરજીઓ બેંકો દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય અને લોન વિતરણ પણ કરી નાખવામાં આવેલ હોય તેવી અરજીઓને બેંકેબલ વ્યાજ સબસિડી યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. જે અરજીઓ (જૂની) બેંકો દ્વારા આજ દીન સુધી લોન આપવામાં આવેલ ન હોય આવી અરજીઓને બેંકબેલ કેપીટલ સબસીડી યોજનાનો લાભ મળશે.

(૧૩) તમામ નોડલ સંસ્થાઓની સાથે સમીક્ષા કરતાં ધ્યાન પર આવેલ છે કે, જિલ્લાકક્ષાની નોડલ સંસ્થાના વડાઓ/ બેંકો તેમજ લીડ બેંક સાથે પરસ્પર સંકલનનો અભાવ જોવા મળેલ છે. સમીક્ષા દરમિયાન નોડલ સંસ્થાના વડાએ રજૂ કરેલ આંકડાકીય વિગતોમાં ઘણા કિસ્સામાં લીડ બેંક મેનજરશ્રી પાસે અદ્યતન વિગતો મળેલ નથી. આથી તમામ નોડલ જિલ્લા અધિકારીશ્રીઓએ સંબંધિત જિલ્લાના લીડ બેંક મેનેજરશ્રી સાથે સંપર્કમાં રહી જીલ્લાકક્ષાની DLBC ની ત્રિમાસિક મીટીંગમાં જરૂરી ડેટા સહિત આ હાજર રહી સમીક્ષા કરાવવાની રહેશે તથા આંકાડાકીય વિગતો

અદ્યતન રાખવાની રહેશે. દરેક સંસ્થાએ અરજીઓનો પોતાનો ડેટા નોડલ સંસ્થાને દરમાસની ૩૦મી તારીખ સુધીમાં આપવાનો રહેશે. નોડલ સંસ્થાએ તમેની હસ્તકની તમામ સંસ્થાઓનો ડેટા સંકલિત કરી સંબંધિત જિલ્લાની લીડ બેંકને ફરજિયાત અચૂક ૦૫ મી તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

(૧૪) કુટિર ઉદ્યોગ કમિશનરશ્રીના પ્રતિનિધિના સૂચન મુજબ જિલ્લાવાર ફાળવવામાં આવેલ લક્ષ્યાંક સામે ઓછામાં ઓછી ૧૪૦% લોન અરજીઓ બેંકોને મોકલવામાં આવે તો ફાળવવામાં આવેલ લક્ષ્યાંક આસાનીથી સિદ્ધ થઇ શકે. ચાલુ નાણાકીય વર્ષ પૂરું થવામાં હવે ફક્ત ૦૫ માસ જેટલો સમય જ બાકી હોવાથી નિર્ધારિત લક્ષ્યાંક સરળતાથી પૂર્ણ થાય તે માટે તમામ જિલ્લાના નોડલ સરકારી આઇ.ટી.આઇ.ના વડાઓને લક્ષ્યાંક સામે ઓછામાં ઓછી ૧૪૦% લોન અરજીઓ બેંકોને મોકલી આપવાની રહેશે.

(૧૫) લોન બેંકો દ્વારા મંજુર થયેથી ઉપાડ અને વહેંચણી અધિકારી દ્વારા દીન-૧૫ માં આ સબસીડી સબંધિત બેંકમાં ટ્રાન્સફર કરવાની રહેશે. આ અંગેની જાણ સબંધિત આઇ.ટી.આઇ. દ્વારા ઉપાડ અને વહેંચણી અધિકારીને કરવાની રહેશે. આ તમામ બાબતોનું મોનીટરીંગ નોડલ આઇ.ટી.આઇ. દ્વારા કરવાનુ રહેશે. આ યોજનાના લક્ષ્યાંક દીઠ ગ્રાન્ટ સબંધિત પ્રાદેશિક કચેરીના નાયબ નિયામક (તાલીમ)એ તાત્કાલીક અસરથી સબંધિત આચાર્યને રીલીઝ કરવાની રહશે.

(૧૬) લોન મેળવવા માટેનું નવુ અરજી ફોર્મ તેમજ બેંકને ભલામણ કરવા માટેના પત્રનો નમૂનો આ સાથે સામેલ છે. જેનો તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે. તેમજ અગાઉ અત્રેની કચેરીના તા. ૧૦/૧૦/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક સીટીએસ-ચ/બેંકેબલ યોજના /૨૦૧૪/૩૦૦૧ થી મોકલવામાં આવેલ અરજી ફોર્મ તેમજ બેંકને ભલામણ કરવા માટેના પત્રનો નમૂનો રદ ગણવાનો રહેશે.

નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

પ્રતિ,

(૧) તમામ સરકારી આઇ.ટી.આઇ./ ગ્રાન્ટ-ઇન-એઇડ/ સ્વનિર્ભર આઇ.ટી.સી.ના વડાઓ

(૨) તમામ લીડ બેંક મેનેજરશ્રીઓ

(૩) તમામ જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર

(૪) રોજગાર અને તાલીમ કચેરીના નિયંત્રણ હેઠળના તાલીમ પાંખના તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓ તરફ

(૫) નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/ વડોદરા/ રાજકોટ/ સુરત

(૬) નાયબ નિયામકશ્રી (રોજગાર), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/ વડોદરા/ રાજકોટ/ સુરત (મારફતઃ નાયબ નિયામકશ્રી (રોજગાર), રોજગાર અને તાલીમ, ગાંધીનગર)

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧) અગ્રસચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર તરફ..

(૨) તમામ જીલ્લા કલેકટરશ્રીઓ તરફ.

(૩) તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તરફ.

(૪) કન્વીનરશ્રી, SLBC, અમદાવાદ તરફ.

(૫) શ્રી આર. એ. ગુપ્તા ડેપ્યુટી જનરલ મેનેજર, SLBC, અમદાવાદ તરફ.

(૬) કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર તરફ..

(૭) શ્રી એમ. જે. મહેતા , નાયબ વિકાસ અધિકારી, કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર તરફ..

<u>નકલ રવાના:-</u>

(૧) તમામ રોજગાર વિનિમય કચેરીના વડાઓ તરફ જાણ તેમજ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ શિબિરોમાં આ યોજના અંગે પણ લોન મંજુર કરાવવા બાબતે માહિતગાર કરવા માટે જરુરી કાર્યવાહી સારુ.

(૨) તમામ કો-ઓર્ડીનેટર્સશ્રી, કે.વી.કે. તરફ.

(૩) નાયબ નિયામકશ્રી (તાલીમ), શાખા-એપ્રેન્ટીસ, શાખા- કે.વી.કે., શાખા-એમ.ઇ.એસ. તરફ.

ફોર્મનો નમૂનો

વિના મુલ્યે

| પાસપોર્ટસાઇઝ નો ફોટો (ફોટા ઉપર સહી કે અંગુઠાનું નિશાન |
|---|

# ગુજરાત સરકાર
## નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર
## ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં તાલીમ મેળવી પાસ થયેલ તાલીમાર્થીઓને સ્વરોજગારી/ઉદ્યોગ સાહસિકની તક માટે બેન્કેબલ લોન સહાય માટેનું અરજીફોર્મ

| ફક્ત કચેરીના ઉપયોગ માટે | |
|---|---|
| અરજી ઇન્વર્ડ નંબરઃ- | તારીખઃ- / / |

ધંધાનો પ્રકાર :........................... લોન રકમ રૂ............................

૧. <u>અરજદારની વિગત:</u>

(૧) પુરૂ નામ : (અટક):.................... નામ:......................... પિતા/પતિનું નામ:......................

(૨) સરનામું..........................................................................ગામનું નામ .........................

તાલુકો................................જિલ્લો ............................પીન કોડ નં................................

ફોન નંબર......................................મોબાઇલ નં............................................................

ઈ-મેઇલ એડ્રેસ .................................

(3) પુરૂષ ☐ સ્ત્રી ☐

(૪) જન્મ તારીખ: ..../...../........., ઉંમર .............વર્ષ

(૫) કેટેગરી: અનુ.જાતિ ☐ અનુ. જનજાતિ ☐ સામાજીક અને શૈક્ષણિક પછાત ☐

લઘુમતિ ☐ અન્ય ☐ અંધ/અપંગ ☐

(૬) લાયકાત: (અ) શૈક્ષણિક..................................(બ) તાંત્રીક................................................

(ક) ટ્રેડ...................................... ટ્રેડ પાસ કર્યાનું વર્ષ...............................

(ડ) સંસ્થા (ITI/KVK/i-KVK/VTP/Establishment) નું નામ.......................................

(૭) અરજદાર બેરોજગાર છે? હા ☐ ના ☐

જો "ના" તો આવકનું સાધન: સ્વતંત્ર ધંધો ☐ નોકરી ☐ છુટક કામ ☐

(૮) રોજગાર વિનિમય કચેરીમાં નામ નોંધાવેલ હોય તો રજીસ્ટ્રેશન નંબર:..................તારીખ.................

(૯) ચૂંટણી ઓળખ કાર્ડ (EPIC) નંબર :..................................................

(૧૦) આધારકાર્ડ નંબર:........................................

(૧૧) BPL નંબર કાર્ડ નં. (જો હોય તો):..................................................

૨. <u>અરજી કરેલ ધંધાનો ઉદ્યોગ/સેવા/વેપારનો પ્રકાર</u>: ..............................................................................

(૧) ધંધાનું નામ:......................................ધંધાનું સરનામું:..........................................................

તાલુકો:.............................. જિલ્લો:..................................પીન કોડ નં.:..........................

ફોન નં.:........................ મોબાઇલ નં.:........................... ઈ-મેઇલ એડ્રેસ .............................

(૨) ધંધો વારસાગત છે? હા ☐ ના ☐ જો "ના" તો તાલીમ/અનુભવની વિગતો આપવી:

| વિગત | તાલીમ | અનુભવ |
|---|---|---|
| વિષય | | |
| સમયગાળો | | |
| સંસ્થા/ફેકટરીનું નામ અને સરનામું | | |

(૩) ધંધો ચાલુ છે કે નવો ચાલુ કરવાનો છે:..............................................................................

(૪) જો ચાલુ હોય તો રોકેલી મૂડી : રૂ.....................................................................................

(અ) મશીનરી/સાધન ઓજાર: રૂ.................................. (બ) કાર્યકારી મૂડી રૂ...............................

(૫) ધંધો ચાલુ હોય તો કેટલાને રોજગારી આપો છો? ..........................................................

૩. <u>નાણાંકીય જરૂરીયાત:</u>

(ક) મશીનરી/સાધન ઓજાર માટે : રૂપિયા..........................

(ખ) કાર્યકારી મુડી માટે : રૂપિયા............................

કુલ નાણાંકીય જરૂરીયાત : રૂપિયા............................

૪. **અરજદાર જે બેંક/નાણાંકીય સંસ્થામાંથી લોન:**

મેળવવા માગતા હોય તેનું નામ:.........................................................................................

સરનામું :...............................................................................................

**અરજદારનું એકરારનામુ**

આથી હુ પ્રમાણિત કરૂં છું /કરીએ છીએ કે મેં/અમોએ આપેલી બધી માહિતી સાચી છે અને આ માહિતીના આધારે જાહેર વિભાગની બેંક કે સહકારી બેંક પોતાના અધિકારની રૂએ જે ધિરાણ મંજુર કરશે તે અંગેની શરતો અને બોલીઓ પ્રમાણે વર્તવા આથી હું/અમો બંધાઉ છું/બંધાઇ છીએ. તેમજ ઉપર્યુક્ત હકીકત અસત્ય પુરવાર થશે તો બેંક ધીરેલી લોન તેમજ વ્યાજ અને સરકારશ્રીની સબસીડી એકી સાથે ભરપાઇ કરવા હું /અમો બંધાઉ છું/બંધાઇએ છીએ. તમો/તમારા પ્રતિનિધિઓ/રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના પ્રતિનિધિઓ અને તમે જેને સત્તા આપી હોય એવી બીજી કોઇ એજન્સી અમારી ફેક્ટરીમાં અને ધંધાના સ્થળે અમારી અકસ્યામતો, હિસાબના ચોપડા વગેરે ગમે ત્યારે તપાસી જોઇ શકશો.જે હેતુ માટે લોન મંજુર થઇ છે તે સિવાય અન્ય હેતુ માટે તેનો ઉપયોગ નહીં કરવા બાંહેધરી આપું છું./આપીએ છીએ. જો અન્ય હેતુ માટે ઉપયોગ કરીશ તો જમીન મહેસુલની બાકી રકમ તરીકે વસુલ કરવા સંમતી આપું છું.

સ્થળ:..........................................

તારીખ:. ....................................... અરજદારની સહી...........................

સુચના: (૧) અરજીમાં સંપુર્ણ વિગતો ભરી સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ સ્વ પ્રમાણિત બિડાણો સાથે નજીકની સરકારી આઇ.ટી.આઇ.માં બે નકલમાં મોકલવાની રહેશે અને જીલ્લા કક્ષાની કમિટી / બેંક સમક્ષ આ બિડાણો અસલમાં રજુ કરવાના રહેશે. .

(૨) વારસાગત કારીગર માટે સંસ્થાકીય તાલીમ કે ફેક્ટરીના અનુભવનું પ્રમાણપત્ર ફરજીયાત નથી.

(3) આ ફોર્મ ભરવા બાબતે કોઇ મુંઝવણ હોય કે માર્ગદર્શનની જરૂર હોય તો નજીકની સરકારી આઇ.ટી.આઇ.નો સંપર્ક કરવો.

| <u>અરજી સાથે બિડવાના જરૂરી કાગળોઃ</u> | <u>પાત્રતાની શરતો:</u> |
|---|---|
| **૧. નિયત અરજીપત્રક (બે નકલમાં), પાસપોર્ટસાઇઝના બે ફોટોગ્રાફસ (ફોટા ફોર્મની બંને નકલો ઉપર ચોંટાડવા).**<br>**૨. અરજી સાથે નીચે મુજબના કાગળોની પ્રમાણિત નકલ જોડવી.**<br>- ચૂંટણી ઓળખપત્ર/આધાર કાર્ડ/ડ્રાઇવીંગ લાયસન્સ.<br>- શૈક્ષણિક અને આઇ.ટી.આઇ લાયકાતનું પ્રમાણપત્ર/ માર્કશીટ<br>- તાલીમ/અનુભવનું પ્રમાણપત્ર.(વારસાગત કારીગર સિવાય)<br>**3. અરજી સાથે નીચે મુજબના અસલ કાગળો જોડવાના રહેશે.**<br>- જેસાધન-ઓજાર ખરીદવાના હોય તેના વેટ/ટીન નંબર વાળા ભાવપત્રકો.<br>- સૂચિત ધંધાના સ્થળનો આધાર. (ભાડાચિઠ્ઠી/ભાડાકરાર/ મકાન વેરાની પહોંચ)<br>- વીજળી વપરાશ કરવાની હોય તો મકાન માલિકનું સંમતિપત્ર/ઇલેક્ટ્રીક બિલ. | ૧. ઉંમરઃ ૧૮ થી ૫૫ વર્ષ<br>૨. શૈક્ષણિક લાયકાત : આઇ.ટી.આઇ.ના ટુંકાગાળાના તમામ પ્રકારના કોર્ષ, Modular Employable Scheme(MES) હેઠળના તમામ માન્યતાપાત્ર નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (NCVT)/ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ(GCVT) સર્ટીફાઇડ થયેલ લાંબા તેમજ કોર્ષ અને કૌશલ્ય વર્ધન કેન્દ્ર(KVK)) અંતર્ગત ચાલતા તમામ કોર્ષમાં તાલીમ મેળવેલ તાલીમાર્થી તેમજ એપ્રેન્ટીસશીપ તાલીમ લીધેલ એપ્રેન્ટીસ.<br>3. તાલીમ/અનુભવઃ વ્યવસાયને અનુરૂપ<br>**૪. આવક મર્યાદા નથી.** |

Form: http://www.talimrojgar.gujarat.gov.in ઉપરથી પણ ફોર્મ ડાઉન લોડ કરી મેળવી શકાય છે.

ક્રમાંકઃ- આઇટીઆઇ/બેંકેબલ લોન સહાય/ ૨૦૧૫/
ઔધોગિક તાલીમ સંસ્થા..................................
......................................................
તાઃ-..........................................

**ભલામણ નંબર**..............................
**તારીખઃ-** ....................................

પ્રતિ,
બેંક મેનેજરશ્રી,
..................................
.તાલુકો................................
જીલ્લો ....................................
.

વિષયઃ- ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં પાસ થયેલા તાલીમાર્થીઓને સ્વ-રોજગારી/ઉધોગ સાહસિકતાની તક માટે બેંકેબલ લોન સબસીડી યોજના ની લોન અરજીની ભલામણ બાબત.

અરજદારશ્રી..........................................................................................
મુ. ..................................................તા.........................................જી..........................

સવિનય ઉપર્યુકત વિષય અન્વયેની લોન અરજી કમીટીની ભલામણ સહ મોકલી આપવામાં આવે છે. જે મંજુર થવા વિનંતી છે.
ભલામણ કરેલ રકમઃ-

| | | |
|---|---|---|
| (૧) | મશીનરી /ઓજાર (ટર્મ લોન) માટે | રૂા. ........................................................ |
| (૨) | કાર્યકારી ભંડોળ માટે | રૂા. ........................................................ |
| | કુલ . | રૂા. ........................................................ |

(અંકે રૂા. ........................................................................................................)

**ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં પાસ થયેલા તાલીમાર્થીઓને સ્વ-રોજગારી/ઉધોગ સાહસિકતાની તક માટે બેંકેબલ લોન સબસીડી યોજના ની લોન અરજીની કમીટી દ્વારા ભલામણ બાબતે ચકાસણી રીપોર્ટ.**

શ્રી ..........................................................................રહે...........................................................................ની ..........................................................ધંધા માટેની નિયત નમૂનાની અરજીમાં અનુક્રમ નંબર- ૧ થી ૪માં જણાવેલ વિગતો તેમજ અરજી સાથે જોડવાના થતા અનુક્રમ નંબર- ૧ થી ૩ સાધનિક કાગળોની પ્રમાણિત નકલો ચકાસણી કરેલ જે બરાબર માલુમ પડેલ છે. આથી અરજદારશ્રીની રૂા. ..................................................ની લોન અરજી બેંકમાં ભલામણ કરવા અભિપ્રાય છે.

ચકાસણી કરનાર .
કર્મચારીનું નામ.................................................. સહી ..........................................................
હોદ્દો ............................................................ તારીખ....................................................

તારીખઃ- ......................
સ્થળઃ........................-

ભલામણ કરનાર અધિકારીશ્રીનું નામ ........................................
હોદ્દો ........................................
સહી..................................................
કચેરીનો સિકકો